પીવાના પાણીની તંગીવાળા રાજયના અછતગ્રસ્ત/ અસરગ્રસ્ત ગ્રામ્ય વિસ્તારોમાં ટેન્કરથી પીવાનું પાણી આપવાનો દર, વ્યક્તિ દીઠ ૫૦ લીટર (પશુ સહિત) ધારા ધોરણ રાખવાની નીતિ નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ-વીડબલ્યુએસ/૧૦૨૦૧૨/૧૯૦/ખ-૪
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૦૧/૦૫/૨૦૧૯

**વંચાણે લીધાઃ-**

૧. આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરનાં ઠરાવ ક્રમાંકઃ-વીડબલ્યુએસ-૧૯૯૦-૧૦૨(ન)-પી, તા.૨૨.૦૧.૧૯૯૦
૨. આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરનાં ઠરાવ ક્રમાંકઃ-૧૦૯૫/૨૪૮૦/પી, તા.૧૪.૦૩.૧૯૯૬
૩. નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના ઠરાવ ક્રમાંકઃ-અછત/૧૦૨૦૦૦/૧૨૬૬/ખ-૪, તા.૨૮/૦૪/૨૦૦૦
૪. નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના પરિપત્ર ક્રમાંકઃ-અછત/૧૦૨૦૦૦/૧૨૬૬/ખ-૪, તા.૨૨/૦૫/૨૦૦૦
૫. નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના પરિપત્ર ક્રમાંકઃ-વીડબલ્યુએસ/૧૦૨૦૧૨/૧૯૦(૩)/ખ-૪, તા.૨૭/૦૭/૨૦૧૨
૬. નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના પરિપત્ર ક્રમાંકઃ-અછત/૧૦૨૦૧૩/૪૨૪/ખ-૪, તા.૧૬/૦૭/૨૦૧૪
૭. નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના પરિપત્ર ક્રમાંકઃ-વીડબલ્યુએસ/૧૦૨૦૧૨/૧૯૦/ખ-૪, તા.૨૨/૦૩/૨૦૧૬
૮. નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના પરિપત્ર ક્રમાંકઃ-વીડબલ્યુએસ/૧૦૨૦૧૨/૧૯૦/ખ-૪, તા.૦૨/૦૫/૨૦૧૭

**પ્રસ્તાવનાઃ-**

રાજયમાં દર વર્ષે કોઈને કોઈ વિસ્તારમાં અનિયમિત અને અપુરતો વરસાદ થતો રહે છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં વરસાદની અછત રહેવા પામે છે. જેનાં કારણે રાજયનાં મહદઅંશે વિસ્તારમાં નદી નાળાં, તળાવ, ચેકડેમો તથા ડેમો વગેરેમાં અપુરતું પાણી સંગ્રહ થાય છે તથા દર વર્ષે ભૂગર્ભ જળ પણ નીચા જતાં જાય છે. રાજયનાં વિકાસ સાથે પાણીનો વપરાશ વધતાં તથા લોકોનું જીવન ધોરણ, પીવાના પાણીની જરૂરીયાતમાં થયેલ વધારા અને કુદરતી આફતો જેવા સંજોગોને ધ્યાને રાખીને પીવાના પાણીની તંગીવાળા ગ્રામ્ય વિસ્તારોમાં ટેન્કર / એચ.ડી.પી.ઈ. ટાંકીઓ મારફતે પીવાનું પાણી પહોંચાડવાની પરિસ્થિતિ ઉભી થાય છે.

વંચાણે લીધેલ - (૧)ના ઠરાવથી ટેન્કર ફાળવવા વ્યક્તિદીઠ ૧૪ લીટર, વંચાણે લીધેલ - (૨)ના ઠરાવથી ટેન્કર ફાળવવા વ્યક્તિદીઠ (પશુ સહિત) ૨૦ લીટર, વંચાણે લીધેલ - (૩)ના ઠરાવ અને (૪)ના પરિપત્રથી ટેન્કર ફાળવવા વ્યક્તિદીઠ (પશુ સહિત) ૩૦ લીટરનું પાણી આપવાનું ધોરણ અનુક્રમે અછત,

અર્ધ અછતગ્રસ્ત તેમજ બિનઅછતગ્રસ્ત વિસ્તાર માટે અમલમાં હતું. વંચાણે લીધેલ - (૭) અને (૮)ના પરિપત્રોથી ઉનાળાની પરિસ્થિતિ તેમજ પાણીની જરૂરીયાતના વધારાને ધ્યાને લઈ ટેન્કર ફાળવવા વ્યક્તિદીઠ (પશુ સહિત) ૫૦ લીટરનું ધોરણ અનુક્રમે વર્ષ-૨૦૧૬ તથા વર્ષ-૨૦૧૭માં પાણી આપવાનું અમલમાં હતું. આગામી ઉનાળાની પરિસ્થિતીને ધ્યાને લઈ દૈનિક પુનઃ ૫૦ લીટર વ્યક્તિદીઠ (પશુ સહિત) પાણી આપવાની નીતિ નક્કી કરવા માટે સરકારશ્રીની વિચારણામાં હતું.

<u>પરિપત્રઃ-</u>

પીવાના પાણીની તંગી હોય તેવા ગ્રામ્ય વિસ્તારોમાં ટેન્કર / એચ.ડી.પી.ઈ. ટાંકીઓ મારફતે દૈનિક ઓછામાં ઓછું ૨૦ લીટર અને વધુમાં વધુ ૩૦ લીટર પાણી આપવાનું ધોરણ અમલમાં છે. તે વધારીને રાજ્યના અછતગ્રસ્ત / અસરગ્રસ્ત વિસ્તારોમાં દૈનિક વધુમાં વધુ વ્યક્તિદીઠ ૫૦ લીટર (પશુ સહિત) પાણી આપવાનું ધોરણ નક્કી કરવામાં આવે છે.

હાલની પ્રવર્તમાન નીતિ પ્રમાણે જરૂરીયાતના પરિપેક્ષ્યમાં ટેન્કર શરૂ કરતા પહેલા જીલ્લા સમાહર્તાશ્રી હેઠળની જીલ્લાકક્ષાની સમીતિમાં મંજુરી મેળવવાની રહેશે અને પરિપત્રની અમલીકરણની અવધી તા.૩૧/૦૭/૨૦૧૯ સુધીની રહેશે.

આ પરિપત્ર સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા. ૨૫/૦૪/૨૦૧૯ ની મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ. ધીમંત વ્યાસ)
અધિક સચિવ અને મુખ્ય ઇજનેર (યોજના)

<u>નકલ રવાના પ્રતિ:</u>

૧. માન. રાજ્યપાલના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્રથી)
૨. માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩. માન. મંત્રીશ્રી (પા.પુ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૪. માન. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી (સર્વે)
૫. માન. મંત્રીશ્રી (રાજ્યકક્ષા)ના અંગત સચિવશ્રી (સર્વે)
૬. મુખ્ય સચિવશ્રી (ગુજરાત રાજ્ય)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૭. અગ્ર સચિવશ્રી (પા.પુ.), ન.જ.સં.પા.પુ.અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮. અગ્ર સચિવશ્રી (પંચાયત)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૯. સચિવશ્રી અને રાહત કમિશ્નરશ્રી, બ્લોક નં.૧૧, સચિવાલય, ગાંધીનગર.
૧૦. નાણા સલાહકારશ્રી, ન.જ.સં.પા.પુ.અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૧. સભ્ય સચિવશ્રી, ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ, બોર્ડ કચેરી, ગાંધીનગર.
૧૨. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વાસ્મો, ગાંધીનગર.
૧૩. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લી., ગાંધીનગર.
૧૪. કલેક્ટરશ્રીઓ (સર્વે).
૧૫. જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (સર્વે).
૧૬. સેકશન અધિકારીશ્રી (એમ.આઈ.સેલ), ન.જ.સં.પા.પુ.અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વેબસાઈટ પર પરિપત્ર અપડેટ કરવા સારૂ.
૧૭. નાયબ સેકશન અધિકારીશ્રી / સિલેક્ટ ફાઈલ.

ન.જ.સં.પા.પુ. અને ક.વિ.
રવાના કર્યું
તા.: 01 MAY 2019